Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014

Continuous Issue-16 | December – February 2018

# બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો સંદર્ભે નડતી સમસ્યાઓનો અભ્યાસ

## ટૂંકસાર

શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ અતિ મહત્વનું પાસું પાઠ આપવાનું છે. શૈક્ષણિક પાઠોમાં દાર્શનિક, માઈક્રો, છુટા, એકમ, ઇન્ટર્નશીપ અને વાર્ષિક પાઠનો સમાવેશ થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો અંતર્ગત નડતી સમસ્યાઓ વિશે અભિપ્રાઓ મેળવવામાં આવ્યા હતા. અભ્યાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અનુદાનિત પાંચ બી.એડ. કૉલેજો પૂરતો સીમિત હતો. નમૂના હેઠળની પાંચ બી.એડ. કૉલેજોના કુલ ત્રણસો પચાસ(૩૫૦) તાલીમાર્થીઓ પર સર્વેક્ષણ હાથ ધર્યું હતું. અહીં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે લેવાયો હતો. ઉપકરણ તરીકે 'સ્વરચિત અભિપ્રાયાવલિનું' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં દાર્શનિક પાઠ, માઈક્રોટીચિંગ, પાઠ આયોજન, પાઠ આપતી વખતે નડતી અને પાઠ અવલોકન કાર્ય અંગેની સમસ્યાઓ અંગેના કુલ છ વિભાગો હતાં. જેમાં સમાવિષ્ટ વિધાનોની કુલ સંખ્યા ૬૬ હતી. બીજા સત્રમાં ૨૯મી જાન્યુઆરીથી શરૂ કરીને ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. માહિતી પ્રાપ્તિ માટે નમૂના હેઠળની તમામ કૉલેજોમાં રૂબરૂ જઈ તાલીમાર્થીઓ સાથે સાયુજ્ય સ્થાપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. માહિતીનું વિશ્લેષણ કરવા માટે કાઈવર્ગ પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના મુખ્ય તારણોમાં દાર્શનિક પાઠો નિષ્ણાંત પ્રાધ્યાપકો દ્વારા અપાતાં નહોતા. પાઠ કથન-ચર્ચા પદ્ધતિએ જ અપાતા હતા. કૌશલ્યો વિકસે નહિ ત્યાં સુધી પાઠનું પુનરાવર્તન કરાવવામાં આવતું ન હતું. અમુક કોલેજોમાં  માઈક્રોપાઠનું આયોજન મેક્રો પાઠ પછી કરવામાં આવતું આયોજન, અમૂક કૌશલ્યો પૂરતું જ થતું આયોજન, માઈક્રોપાઠ ને ગંભીરતાથી ન લેવા. પાઠની સંખ્યા ઓછી જણાઈ હતી. તેમજ અદ્યતન સાધનોના ઉપયોગનો અભાવ જોવા મળતો હતો. પ્રતિપોષણમાં આત્મલક્ષિતાપણું જોવા મળ્યું હતું. પાઠ આયોજનના ભારણથી માનસિક ચિંતા. આયોજનની કાચીનોંધ વારંવાર લખાવવવી, વિવિધ પદ્ધતિઓની પૂરતી સમજનો અભાવ, શૈક્ષણિક ઉપકરણો ઉપલબ્ધ ન હોવા, પ્રત્યક્ષ સંબંધના અભાવે ઘણીવાર શાળાઓમાંથી સહકાર ન મળતો અને નિરીક્ષકની હાજરીને લીધે પાઠ આપતી વખતે ગભરાટ અનુભવતા હતાં. પાઠ અવલોકન કાર્ય સંબંધી સમસ્યાઓમાં અધ્યાપકો નોંધ લખવા જેટલો સમય જ વર્ગમાં હાજર રહેવું, શિસ્તના પ્રશ્નો, નિરીક્ષકની  વ્યક્તિલક્ષિતા, એકની એક જ સુચના વારંવાર લખવા જેવી સમસ્યાઓ મુખ્ય હતી.

**ચાવીરૂપ શબ્દો** : પાઠ આયોજન, સમસ્યાઓ, માઈક્રોટીચિંગ

## પ્રસ્તાવના

શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ એ શિક્ષક ઘડતરની દિર્ધકાલીન, બહુવિધ અને કઠિન પ્રક્રિયા છે. જેમાં સૈધાંતિક વિષયોની સાથો-સાથ અતિ મહત્વનું પાસું શાળામાં જઈને પાઠ આપવાનું છે. આ પાસાં પર પ્રશિક્ષણ કાર્યક્રમમાં વિશેષ ભાર મુકવામાં આવે છે. શૈક્ષણિક પાઠોમાં દાર્શનિક પાઠ, માઈક્રો પાઠ, છુટા પાઠ, એકમ પાઠ,

ઇન્ટર્નશીપ પાઠ અને વાર્ષિક પાઠનો સમાવેશ થાય છે. આ પાઠો દરમ્યાન તાલીમાર્થીએ આયોજન, માર્ગદર્શન, અધ્યાપન અને અવલોકન જેવી બાબતોમાં સામર્થ્ય મેળવવાનું હાય છે .

તાલીમાંર્થીઓના શૈક્ષણિક પાઠો સંદર્ભે અગાઉ રાય (૧૯૮૨) એ નોધ્યું છે કે - 'પાઠને કારણે તાલીમાર્થીઓ તાણ અનુંભવતા હતા'.

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક પાઠોના મુદ્દાને સ્પર્શતી બાબતો દાર્શનિક પાઠ, માઈક્રો પાઠ, પાઠઆયોજન, પાઠ આપતી વેળાએ, પાઠ અવલોકન કાર્ય અને સતત શિક્ષણને ધ્યાનમાં લઈને તાલીમાર્થીઓને કઈ કઈ સમસ્યાઓ નડે છે? તેનો અભ્યાસ હાથ ધરવાનો ઉપક્રમ સ્વીકાર્યો હતો.

## હેતુઓ

1. બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો અંતર્ગત નડતી સમસ્યાઓ વિશે અભિપ્રાઓ મેળવવા.
2. બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો અંતર્ગત નડતી સમસ્યાઓ દૂર કરવા સંબંધી સૂચનો કરવા.

## પ્રશ્નો

1. બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો અંતર્ગત કઈ કઈ સમસ્યાઓ નડે છે?
2. બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠોમાં નડતી સમસ્યાઓ દૂર કરવાના શક્ય ઉકેલો કયા હોઈ શકે?

## સીમાંકન

પ્રસ્તુત અભ્યાસ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અનુદાનિત બી.એડ. કૉલેજો પૂરતો સીમિત હતો.

અભ્યાસ અંતર્ગત શૈક્ષણિક પાઠોમાં નડતી સમસ્યાઓમાં દાર્શનિક પાઠ, માઈક્રોપાઠ, પાઠઆયોજન, પાઠ આપવા બાબતે, પાઠ અવલોકન પાંચ પાસાંનો સમાવેશ કર્યો હતો.

## વ્યાપવિશ્વ અને નમૂનો

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન અનુદાનિત પાંચ બી.એડ. કૉલેજોને અભ્યાસ હેઠળ આવરી લીધી હતી. અને તે કૉલેજોમાં બી.એડ.ની તાલીમ મેળવતાં ત્રણસો પચાસ (૩૫૦) તાલીમાર્થીઓ પર સર્વેક્ષણ હાથ ધર્યું હતું. આમ, પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે લેવાયો હતો.

## ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો સંદર્ભે નડતી સમસ્યાઓ જાણવાના હેતુસર 'સ્વરચિત અભિપ્રાયાવલિનું' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં દાર્શનિક પાઠ, માઈક્રો ટીચિંગ, પાઠ આયોજન, પાઠ આપતી વખતે નડતી અને પાઠ અવલોકન કાર્ય અંગેની સમસ્યાઓ અંગેના કુલ છ વિભાગો હતાં. આ વિભાગોમાં સમાવિષ્ટ વિધાનોની સંખ્યા ૬૬ હતી.

## માહિતી એકત્રીકરણની રીત

નિયત ઉપકરણની રચના બાદ બીજા સત્રમાં ૨૯ મી જાન્યુઆરીથી શરૂ કરીને ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. માહિતી પ્રાપ્તિ માટે નમૂના હેઠળની તમામ કૉલેજોમાં રૂબરૂ જઈ તાલીમાર્થીઓ સાથે સાયુજ્ય સ્થાપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

## માહિતી વિશ્લેષણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિ દ્વારા મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરવા માટે કાઈ વર્ગ પ્રવિધિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ પ્રત્યેક વિધાન પર પ્રાપ્ત અભિપ્રાયોને આધારે સરેરાશ ભારાંક શોધી ક્રમાંક આપવામાં આવ્યા હતાં. કાઈવર્ગ મૂલ્ય અને સરેરાશ ભારાંક શોધવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## અભ્યાસના તારણો

બી.એડ.ની તાલીમ અંતર્ગત તાલીમાર્થીઓને શૈક્ષણિક પાઠો સંદર્ભે નડતી સમસ્યાઓ અંગે પ્રાપ્ત અભિપ્રાઓના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને તેના અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે પ્રમાણે છે.

## દાર્શનિક પાઠ સંબંધી સમસ્યાઓ

- દાર્શનિક પાઠો નિષ્ણાંત પ્રાધ્યાપકો દ્વારા અપાતાં નહોતા.
- પાઠ કથન-ચર્ચા પદ્ધતિએ જ આપવામાં આવતાં હતાં.
- ખૂબજ મર્યાદિત સંખ્યામાં પાઠ અપાતાં હતાં.

## માઈક્રોપાઠ સંબંધી સમસ્યાઓ

- કૌશલ્યો વિકસે નહિ ત્યાં સુધી પાઠનું પુનરાવર્તન કરાવવામાં આવતું ન હતું.
- કેટલીક સંસ્થાઓમાં માઈક્રોપાઠનું આયોજન મેક્રો પાઠ પછી કરવામાં આવતું હતું.
- તાલીમ દરમ્યાન અમુક કૌશલ્યો પૂરતું જ આયોજન કરવામાં આવતું હતું.
- માઈક્રોપાઠના કાર્યક્રમને ગંભીરતાથી લેવામાં આવતો નહોતો.
- માઈક્રોપાઠની સંખ્યા ઓછી જણાઈ હતી.
- નિરીક્ષણ માટે અદ્યતન સાધનોનો ઉપયોગ કરવામાં આવતો નહોતો.
- માઈક્રોપાઠ દરમ્યાન અપાતાં પ્રતિપોષણમાં આત્મલક્ષિતાપણું જોવા મળ્યું હતું.

## પાઠઆયોજન સંબંધી સમસ્યાઓ

- તાલીમાર્થીઓને પાઠ આયોજનના ભારણથી સતત માનસિક ચિંતા રહેતી હતી.
- પ્રાધ્યાપક દ્વારા પાઠ આયોજનની કાચીનોંધ વારંવાર લખાવવામાં આવતી હતી.
- તાલીમાર્થીઓમાં વિવિધ પદ્ધતિઓની પૂરતી સમજનો અભાવ જોવા મળ્યો હતો.
- સંજોગોવસાત પસંદ થયેલા એકમને અનુરૂપ શૈક્ષણિક ઉપકરણો ઉપલબ્ધ ન હોવાની પરિસ્થિતિ સર્જાતી હતી.
- પાઠ આયોજન માટે એકમની પસંદગી માટે જે તે શાળામાં ફરજિયાત જવું પડતું હતું.
- તાલીમાર્થીઓ પૂરતા સમયના અભાવે પુરક માહિતી આપવા સંબંધી આયોજન કરી શકતા નહોતા.

## પાઠ આપતી વખતે નડતી સમસ્યાઓ

- શાળા સાથેના પ્રત્યક્ષ સંબંધના અભાવે ઘણીવાર શાળાઓમાંથી સહકાર મળતો નહોતો.
- પાઠ આપતી વખતે શાળાના સમયપત્રક પ્રમાણે વર્તવાનું હોવાથી તાલીમાર્થીઓને સ્વતંત્રતા મળતી નહતી.
- તાલીમાર્થીઓ નિરીક્ષકની હાજરીને લીધે પાઠ આપતી વખતે ગભરાટ અનુભવતા હતાં.

## પાઠ અવલોકન કાર્ય સંબંધી સમસ્યાઓ

- અધ્યાપકો નોંધ લખવા જેટલો સમય જ વર્ગમાં હાજર રહેતા હતાં.
- નિરીક્ષણ કાર્ય કરનારના વર્તનને લીધે ઘણીવાર શિસ્તના પ્રશ્નો સર્જાતા હતાં.
- નિરીક્ષણ કરનાર પ્રાધ્યાપકની વ્યક્તિલક્ષિતાની અસર જોવા મળતી હતી.
- પ્રાધ્યાપકો તરફથી એકની એક જ સુચના વારંવાર લખવામાં આવતી હતી.

## શૈક્ષણિક સૂચિતાર્થો

**દાર્શનિક પાઠ સંબંધી** નિષ્ણાંત પ્રાધ્યાપકો દ્વારા વિશેષ સાધન અને પદ્ધતિઓ દ્વારા અપાવા જોઈએ. અપાતાં નહોતા. જરૂર પડ્યે એકથી વધારે પાઠ આપવા જોઈએ.

**માઈક્રોપાઠમાં** કૌશલ્યો વિકસે નહિ ત્યાં સુધી પુનરાવર્તન કરાવવું. તેમજ માઈક્રોપાઠ બાદ મેક્રો પાઠનું આયોજન કરવું જોઈએ. તાલીમમાં જરૂરી તમામ કૌશલ્યોના વિકાસનું આયોજન કરવું. નિરીક્ષણ માટે અદ્યતન સાધનોનો ઉપયોગ કરવો. પ્રતિપોષણ તટસ્થતાથી આપવું.

**પાઠઆયોજન સંબંધી સમસ્યાઓમાં** તાલીમાર્થીઓને પાઠ આયોજનના ભારણ ઓછુ કરવું. કાચીનોંધ વારંવાર ન લખાવવી તેમજ વિવિધ પદ્ધતિઓની પૂરતી સમજ આપવી જોઈએ.

એકમને અનુરૂપ શૈક્ષણિક ઉપકરણો મળે તેવી વ્યવસ્થા કરવી. એકમની પસંદગી માટે જે તે શાળામાં ન જવું પડે તેવું આયોજન કરવું. તાલીમાર્થીઓને પાઠ સંબંધી પૂરતો સમય મળે તેવી વ્યવસ્થા કરવી ગોઠવવી જોઈએ.

**પાઠ આપતી વખતે નડતી સમસ્યાઓ દૂર કરવા** શાળા સાથેના પ્રત્યક્ષ સંબંધ રાખવા જેથી પાઠમાં સહયોગ મળે. નિરીક્ષકની હાજરીને લીધે ગભરાટ ન અનુભવે તેવી સ્થિતિનું નિર્માણ કરવું.

## પાઠ અવલોકન કાર્ય સંબંધી સમસ્યાઓ

અધ્યાપકોએ સમગ્ર પાઠ દરમ્યાન વર્ગમાં હાજર રહેવું જોઈએ. નિરીક્ષકથી શિસ્તના પ્રશ્નો ન સર્જાતા હતાં. પ્રાધ્યાપકોએ એકની એક સુચના વારંવાર લખવી ના જોઈએ.

### સંદર્ભસુચિ

I. દેસાઈ, કે. જી. અને શાહ, જે. એચ.(૨૦૦૦). 'સંશોધન અને પદ્ધતિઓ' અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

II. દેસાઈ, કે., શાહ, જે. એચ. અને શાહ, આર. પી.,(૧૯૮૪). 'શૈક્ષણિક પરિભાષા અને વિભાવના', અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

III. શાહ, ડી. બી.(૨૦૦૯). 'શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન )' અમદાવાદ:પ્રમુખ પ્રકાશન.

IV. 'શિક્ષણની રાષ્ટ્રીય નીતિ–૧૯૮૬' અમદાવાદ:રાજ્ય શિક્ષણ ભવન.

*******************************************************************************

ડૉ.ભાવેશ રાવલ
આચાર્ય
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ
સુરત

Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat